જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૦/૨૦૨૨ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૮૩૬/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬ | ૪,૪૫,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૭૮ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૩,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યકિતઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૮૩૯/૨૦૨૨**

**ઈસનપુરઃ** દર્શનાબહેન વા/ઓ જીગ્નેશભાઈ દેસાઈ (ઉ.વ.૫૨) (રહે. પવિત્રનગર સોસાયટી કેડીલા લેબ સામે કેડીલાબ્રીજ) એ તા.૧૨/૧૦/૨૦૨૨ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર રામવાડી રાજધાની એપાર્ટમેન્ટ ૧૩ ખાતે આરોપી (૧) સોનીયાબહેન વિવેકભાઈ પિંચા અને (૨) વિવેકભાઈ પિંચા (બન્ને રહે. રાજધાની એપાર્ટમેન્ટ રામવાડી ઈસનપુર) એ ભેગા મળી દર્શનાબહેનને ભારતથી કેનેડા જવા તથા પરત ભારત આવવા એર ટીકીટ કરાવી આપવા દર્શનાબહેન તથા તેમના સંબધીઓને વિશ્વાસમાં લઈ એર ટીકીટ પેટે કુલ રૂપિયા ૧૬,૩૯,૧૯૩/- મેળવી લઈ એર ટીકીટ નહી કરી આપી નાસી જઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૪૦/૨૦૨૨**

**રામોલઃ** રમેશભાઈ જયંતીભાઈ પંચાલ (રહે. ભક્તિનગર ગોકુળનગર સામે સુરેલીયા રોડ રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૯૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૧૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૧/૨૦૨૨**

**ગોમતીપુરઃ** કોકીલાબહેન વા/ઓ ચમનભાઇ પરમાર (ઉ.વ.૬૬) (રહે. ઔડાના મકાન ગોકુલ હોટલ સામે ગોમતીપુર) તા.૦૯/૧૦/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ગોમતીપુર વિક્રમ મીલ સામે વિશાલ ટેલર્સ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક રિક્ષાચાલક કોકીલાબહેન પરમારના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કોકીલાબહેન પરમારે તા.૧૨/૧૦/૨૦૨૨ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.કાળે ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૨/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** જયંતભાઈ ઓમપ્રકાશ શર્મા (રહે. સીપર્લ એપાર્ટમેન્ટ અશોકવાટીકા પાસે પ્રવિણ કોટક બંગ્લાની બાજુમાં બોડકદેવ) એ તા.૦૮/૧૦/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગે રહેણાંકના પાર્કીગમાં પોતાની ટોયોટા કંપનીની ઈનોવા ક્રીસ્ટા કાર નંબર જીજે ૦૧ ડબલ્યુજી ૧૨૩૫ કિમત રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૯/૧૦/૨૦૨૨ કલાક ૩/૪૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ જયંતભાઈ શર્માએ તા.૧૨/૧૦/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૩/૨૦૨૨**

**ગુજરાત યુનિવર્સિટીઃ** રાજલક્ષ્મીબહેન વા/ઓ પુરુષોતમભાઇ કુરુપ (ઉ.વ.૭૩) (રહે. સુમેય એપાર્ટમેન્ટ ગોપાલનગર સામે) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ** શનિ સ/ઓ નરેશભાઇ પટણી (ઉ.વ.૧૯) (રહે. પાટણનગર લીલાનગરનાં છાપરાં ખોડીયારનગર ચાર રસ્તા ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા સુભાષબ્રિજ પાસે ઘાટ નંબર-૪ નજીક ગાર્ડન પાછળ નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિંહ બહાદુરસિંહ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** પંકજભાઇ મનુભાઇ ચાવડા (ઉ.વ.૨૪) (રહે. લીલાબેનની ચાલી મહેનતપુરા આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૨ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહિપતસિંહ તખતસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સંજય વિજયકુમાર પ્રજાપતિ (ઉ.વ.૨૭) (રહે. શ્રીધર સોસાયટી કઠવાડા રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૨ સવારના ૯/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેસંગભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી